# ABSTRACT

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ - | ઊર્મિ વિનોદકુમાર વાળા |
| કોર્સનું નામ - | એમ.એ (ગુજરાતી) |
| વર્ષ - | **2022-2023** |
| શીર્ષક - | દિવાસ્વપ્નને આધારે ગિજુભાઈના બાળકેળવણીના પ્રયોગો અને મૂલ્યાંકન |
| માર્ગદર્શકનું નામ - | ડૉ. સંજય પટેલ<br>ચિલ્ડ્રન્સ રિચર્ચ યુનિવર્સિટી<br>ગાંધીનગર |


સમગ્ર ભારતમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે નૂતન પ્રસ્થાન કરી, 'બાળકોને ડરાવશો નહિ', 'બાળકોને મારશો નહિ', 'બાલદેવો ભવ', એવા મંત્રો આપીને બાળકો પ્રત્યે જોવાની નવી દીર્ઘ દષ્ટિ આપનાર, બાળકો,કિશોરો,પ્રૌઢો તેમ વાલીઓ માટે અનેરો જ્ઞાનનો ભંડાર આપી, બાલમંદિર, બાલક્રીડાંગણ, બાલસંમેલનની સ્થાપના કરનાર: 'બાળકોના ગાંધી', 'બાળસાહિત્યના બ્રહ્મા', 'મુછાળી મા', એવા ગિજુભાઈ - ગિરજાશંકર ભગવાન બધેકા જે ગુજરાતની એક અદ્ભૂત અને વિરલ વ્યક્તિ હતા. ગિજુભાઈએ દિવાસ્વપ્નમાં શિક્ષકોને અમૂલ્ય સંદેશ પાઠવ્યો છે કે પરંપરા- પ્રણાલીને વળગી રહેવું એ જડતા નથી. પરંતુ, આધુનિકતાના કારણે મૂળ સત્તવ-તત્ત્વ વિસરાઈ જાય તેવું થવું ન જોઈએ. શિક્ષકને પણ વર્ગમાં કામ કરવાની મુક્તતા અને મોકળાશ હોવા જોઈએ. શિક્ષકને પોતાનામાં આત્મવિશ્વાસ અને પોતાના વિદ્યાર્થીઓમાં વિશ્વાસ હોવો જરૂરી છે. આત્મવિશ્વાસ, આત્મશ્રદ્ધા અને આત્મપ્રેરણા એ શિક્ષકના આંતરિક શસ્ત્રો છે. આ સંશોધનમાં કુલ 4 પ્રકરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગિજુભાઈના જીવન અને તેમના સાહિત્ય-સર્જનની વાત, ગિજુભાઈનું કેળવણીમાં પ્રદાન, પૂરોગામી કેળવણીકારો, ગિજુભાઈનું બાલશિક્ષણ ક્ષેત્રે પ્રદાન, દિવાસ્વપ્નમાં બાળકેળવણીના પ્રયોગ અને તેની અસરકારકતા, દિવાસ્વપ્નના આધારે ગિજુભાઈએ કરેલા શિક્ષણ પ્રયોગના મૂલ્યાંકનનો અભ્યાસ કરવામાં આવ્યો છે.